**-: ફોજદારી પરચુ.અરજી નંબર ૧૦૫૪૩/૨૦૧૭ ના કામે આંક - ૧ લગત હુકમ :-**

સદરહું અરજી મારી સમક્ષ રજુ કરવામાં આવેલ છે. અરજદાર તથા તેમના વિ.વ.શ્રી.નો વારંવાર પોકાર કરાવવા છતા તેઓ પૈકી કોઈ હાજર નથી, તેમના વતી કોઈ રીપોર્ટ રજુ થયેલ નથી. અરજીનુ રેકર્ડ જોતા અરજદારે હાલની અરજી દાખલ કર્યા બાદ સામાવાળાને સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ અને અરજદાર નિયમીત હાજર રહેલ નથી અને અરજી દાખલ કર્યા બાદ સામાવાળા ને આર.પી.એડી થી નોટીસ બજવણી કરેલ છે અને ત્યારબાદ અરજદાર કે તેઓના વકીલશ્રી હાજર રહેલ નથી .જયારે અરજદાર અને તેમના વકીલશ્રી હાજર રહેતા ન હોય અને અરજીની કાર્યવાહી આગળ ચલાવતા ન હોઈ એવુ અનુમાન કરવાનુ રહે છે કે, અરજદારને આ અરજી ચલાવવામાં કોઈ રસ નથી.જેથી અત્રેની અદાલતને અન્ય કોઈ વિકલ્પ ન રહેતા અને ન્યાયનો વિશાળ હેતુ પણ જળવાઈ રહે તે રીતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની અરજી તેના ગુણદોષમાં ઉતર્યા વગર અરજદારની તથા તેમના વકીલશ્રીની સતત ગેરહાજરીના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ યાને કે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ન્યાયના વિશાળ હિતમાં આથી એવો હુકમ કરવામાં આવે છે કે, આ હુકમ જાહેર થયા તારીખથી અગર અરજદાર દિન-૩૦ ની સમયમર્યાદામાં અત્રે હાજર થઈ પોતાની ગેરહાજરી સંદર્ભે સંતોષકારક કારણો જાહેર કરે તો આ અરજી ફરીથી આગળની કાર્યવાહી ચલાવવાના હેતુથી રી-રજીસ્ટર કરવામાં આવશે.

હુકમ આજ રોજ તા.૧૩ મી મે ૨૦૨૩ના સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૩/૦૫/૨૦૨૩**
(સ્પેશીયલ સીટીંગ)
**અમદાવાદ.**

**(શ્રી બી.પી મહીડા)**
**કોડ નં.-૦૧૧૨૨**
**એડિ.ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧, અમદાવાદ.**